





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ-૯ : 'સ્વરૂપનિષ્ઠાનું, અવતાર જેવા જાણે તો દ્રોહ થયાનું'નું નિરૂપણ,
૬ સપ્ટેમ્બર ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી

**આ**જે શ્રાવણ વદી એકાદશી છે. મહારાજે શ્રાવણ સુદી ચૌદશને દિવસે આ વાત કરી છે. અને તે સમયે સભામાં આનંદાનંદ સ્વામીએ પૂજા કરી. આનંદાનંદ સ્વામીએ ઘણાં મંદિરો બાંધ્યાં. તેઓ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી જન્મજાત આર્કિટેક્ટ હતા. જેતલપુર, ડભાણ, ધોલેરાનાં મંદિર આનંદાનંદ સ્વામીએ બાંધ્યાં.

**...પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે, કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહીં. અને કોઈક કાળે ભગવાનના વચનનો લોપ થતો હોય તો તેની ચિંતા નહીં, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહીં. અને જો ભગવાનનું વચન કાંઈક લોપાયું હોય તો તે ભગવાનની પ્રાર્થના કરીને પણ છૂટકો થાય, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો હોય તો તેનો કોઈ રીતે છૂટકો થાય નહીં....**

મહારાજ કહે, જ્ઞાનમાર્ગમાં જ્ઞાનીઓ વાતો કરે, સમજાવે, પણ સ્વરૂપનો દ્રોહ ના થાય એનું ધ્યાન રાખવું. ભગવાનના વચનનો લોપ તો ના જ થવો જોઈએ, પણ મહારાજ કહે, કદાચ લોપ થાય તો ચિંતા નહિ, પરંતુ ભગવાનના સ્વરૂપનો દ્રોહ ના થવો જોઈએ. ભગવાનની આજ્ઞા ના પળાઈ હોય તો પ્રાર્થના કરીને, પ્રાયશ્ચિત્ત કરીને ભગવાનની માફી માગીએ કે, તો એનાથી છૂટકો થાય. કારણ, ભગવાન તો દયાળુ છે, અધમોદ્ધારણ છે; તો તેઓ માફ કરી દે. આમ, વચનનો લોપ થાય તો છૂટકો થાય.

**...માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, 'સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.'...**

જે ઉપાસના કે, ભગવાન સર્વોપરી, સર્વ અવતારના અવતારી છે અને અક્ષરધામમાં છે એ જ સ્વરૂપ મને સંત સ્વરૂપે પ્રાપ્ત થયું છે-એટલે કે પ્રગટ છે.

**અને જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત્ સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી.**

સત્સંગમાંથી સંજોગોવશાત્ બહાર નીકળી જાય પણ જો જીવમાં મહિમા હોય, નિષ્ઠા હોય તો ભગવાનને વિશે હેત ટળે નહીં.

**...અને કે હમણાં તો સત્સંગથી બાહેર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જશે. અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રનાં વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહીં હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહીં જાય. તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય...**

આ અગત્યની વાત મહારાજ અહીં બોલે છે. ભગવાન સદાય સાકાર છે. ભગવાનને નિરાકાર કહે તો એ ભગવાનનો દ્રોહ કર્યો કહેવાય. અને બીજા અવતાર જેવા જાણે તો ભગવાનનો દ્રોહ કર્યો કહેવાય.

ખંભાતનું એક જાણીતું દૃષ્ટાંત છે. માયાતીતાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાને બનાવેલા સાધુ ! મેતપુર, ખંભાત ને આજુબાજુનાં ગામોમાં તેઓએ ખૂબ સત્સંગ કરાવ્યો. તે વખતે કોઈ હરિભક્ત ધામમાં ગયા. આ હરિભક્તને બે દીકરાઓ હતા, બંનેને માલમિલક્તની વહેંચણી માટે ઝઘડા થયા એટલે વકીલ પાસે ગયા. વકીલે કહ્યું કે, 'તમારા પિતા તમને બંનેને - કોને શું આપવું ? એ બધું મારી પાસે લખાવી, વિલ કરી અને પછી ધામમાં ગયા છે. વિલમાં બધું ચોખ્ખું લખેલું છે. તે વિલને તમે શોધો અને તેનો અમલ કરો તો તમારા ઝઘડા પતી જશે.' એટલે એમણે આખા ઘરમાં ખૂણેખાંચરે ઉથલપાથલ કરીને શોધ્યું, સગાંવહાલાંને પૂછ્યું, પણ કોઈ જગ્યાએ વિલ ના મળ્યું.

પછી બધાને થયું કે, ઘણી વખત ગુરુને વિલ આપતા જતા હોય છે. અને આ હરિભક્ત માયાતીતાનંદ સ્વામી પાસે મંદિરે જતા હતા એટલે થયું કે, વિલ એમને આપ્યું હશે. એટલે તેઓએ માયાતીતાનંદ સ્વામી પાસે જઈને પૂછ્યું કે, 'સ્વામી ! તમને વિલ આપ્યું છે ?' માયાતીતાનંદ સ્વામી કહે, 'ના, મને નથી આપ્યું.' ત્યારે તેઓએ કહ્યું કે, 'બાપુજી વિલ કરીને ગયા છે એવું વકીલ કહે છે, પણ વિલ મળતું નથી એટલે મિલકત વહેંચવામાં અમારે ઝઘડા થાય છે. આપ કંઈ કૃપા કરો કે, વિલ મળી જાય.'


એ વખતે સંતોમાં એક સમાધિનિષ્ઠ સંત હતા. માયાતીતાનંદ સ્વામીએ એ સમાધિવાળા સાધુને બોલાવીને કહ્યું, 'તમે સમાધિમાં જાવ અને અક્ષરધામમાં આમના પિતાને પૂછી આવો કે, તેમણે વિલ ક્યાં મૂક્યું છે ?' તેથી પેલા સાધુ સમાધિમાં પહોંચી ગયા. થોડા કલાકો પછી સમાધિમાંથી જાગ્રત થયા ને કહે, 'સ્વામીજી ! અક્ષરધામમાં આ ભાઈ નથી.' માયાતીતાનંદ સ્વામી કહે, 'એવું બને નહીં. તેઓ તો પૂરેપૂરા ભગત હતા. અને ભગવાનનું વરદાન છે એટલે તેઓ તો અક્ષરધામમાં જ હોય.' માયાતીતાનંદ સ્વામીએ પેલાને પૂછ્યું, 'તારા બાપુજીને કયા સાધુ સાથે હેત હતું ? કયા સાધુ સાથે ઊઠકબેઠક હતી ?' ત્યારે પેલાએ કહ્યું, ''રામાયણી' સાધુ સાથે.' એ જે સાધુ હતા તેઓ આખો દિવસ 'રામાયણ'નો ગ્રંથ વાંચે અને જેઓ આવે એને મહારાજનું રામસ્વરૂપ તરીકે વર્ણન કરે; એટલે એમનું નામ 'રામાયણી' સાધુ પડી ગયું હતું. મંદિરમાં બધા ભક્તો પોતપોતાને જે સંતો સાથે હેત હોય તેઓ પાસે જાય. એમ આ ભગત કોઈ 'રામાયણી' સાધુ પાસે જતા હશે.

માયાતીતાનંદ સ્વામી પેલા સમાધિનિષ્ઠ સાધુને કહે, 'તું ફરી સમાધિમાં રામના લોક-વૈકુંઠમાં જા. કારણ કે, મહારાજને જે રામ જેવા જાણે તે રામ લોકને પામે. 'રામાયણી' સાધુ ભલે સ્વામિનારાયણના સાધુ હતા, પણ ઉપાસના રામની હતી. સ્વામિનારાયણ ભગવાનને રામ જેવા માનતા હતા. એટલે એ ભગત વૈકુંઠમાં પહોંચ્યા હશે.' પેલાના બાપુજી વૈકુંઠમાં મળ્યા. તેઓએ કહ્યું કે, 'ઘરના મોભમાં કાણું કરીને તેમાં વિલ મૂક્યું છે.' ત્યાંથી વિલ કાઢ્યું ને પછી કામ પતી ગયું.

પણ, કહેવાનો મતલબ શો ? કે, સ્વામિનારાયણના કહેવાતા હોય તેઓને માટે સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વના કારણ અને સાકાર ! અને શાસ્ત્રીજી મહારાજે એમાં ઉમેરો કર્યો - પ્રગટ ! એમાં સહેજ પણ ફરક ના પડવો જોઈએ.

તમે નિયમ-ધર્મ લોપવાના નથી, યાદ રાખો ! પણ કોઈ એવી જગ્યાએ કોઈ સંજોગવશાત્ તમારાથી આજ્ઞા ના પળાઈ તો ભગવાન કહે, એનું પ્રાયશ્ચિત્ત છે, ભજન-પ્રાર્થનાથી માફ પણ થાય. પણ આ ભગતે સ્વામિનારાયણના મંદિરમાં આખો દિવસ સ્વામિનારાયણનાં છબલીકાં વગાડ્યાં, પણ સ્વામિનારાયણ ભગવાનને રામ જેવા માનતા હતા તો વૈકુંઠમાં પહોંચ્યા, જોયું ! તમારી ગાડી સહેજ આમ થઈ તો આખો લોક બદલાઈ ગયો.

એ શું લોક બદલાયો ? આકાશમાં તો કશું એવું છે નહીં ? સર્વોપરી નિષ્ઠા હોય, સર્વ અવતારના અવતારી માનતા હોઈએ તો ભગવાનનું



સ્વામિનારાયણના કહેવાતા હોય તેઓને માટે
સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી,
સર્વ અવતારના અવતારી, સર્વના કારણ અને સાકાર !
અને શાસ્ત્રીજી મહારાજે એમાં ઉમેરો કર્યો - પ્રગટ !
એમાં સહેજ પણ ફરક ના પડવો જોઈએ.







**સ્વામિનારાયણ ભગવાનને**
**સર્વોપરીભાવે ભજતા હોય**
**એવા સાધુ ને એવા ભક્તોનો સંગ રાખવો,**
**એમની વાત વિશ્વાસ ને શ્રદ્ધાથી માનવી.**

બિરુદ છે - અક્ષરધામ ! અક્ષરધામ એટલે ? અક્ષરધામરૂપ થયા હોય એવા સાધુની સાથે જોડે. અને અહંતા, મમતા, કામ-ક્રોધાદિક દોષ રહિત કરવાની જે સાધના, એ માર્ગે ચાલવાનું થાય ત્યાં એને મૂકે. અને પેલા આત્માને પછી જ્યાં સાત્ત્વિક ભાવવાળા જીવન જીવતા હોય એવી જગ્યાએ મૂકે. તો આખો ફરક પડી જાય, યાદ રાખો ! એટલે સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, 'સ્વરૂપનો દ્રોહ ના થવા દેવો.'

ભગવાન શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી મહાવીર એ કોઈ નીચા છે કે નાના છે એવું નથી, પણ મને મળ્યા એ મારા ઈષ્ટદેવ, એ સર્વોપરી છે ! સ્ત્રીને પોતાનો જે ધણી, એ એના માટે પરમેશ્વર ! બીજા ગમે એટલા સારા હોય તો પણ નહીં. એમ આપણને આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન મળ્યા, એ આપણા માટે સર્વોપરી, સર્વ અવતાના અવતારી, સર્વના કારણ અને સર્વના નિયંતા છે ! અને સ્વામિનારાયણ ભગવાને કહ્યું, 'બીજા ભગવાન હશે તો મારે એમની સાથે જોવાનું છે, પણ તમે કોઈની જોડે લમણાકૂટ ના કરશો. મને તમે માનો છો તો મને સર્વોપરીભાવે ભજો.' આપણે એમાં જરાય કચાશ ના રાખીએ. અને આના જેવા છે, પેલા જેવા છે એવી કોઈની સાથે સરખામણી કરાય જ નહીં. મારા ભગવાન છે એ સર્વોપરી છે, બસ ! બીજા હશે કે નહીં એ એમના ભગતને ખબર. શ્રી રામને માનતા હોય એ ભલેને શ્રી રામને સર્વોપરી માને, કે શ્રી કૃષ્ણને માનનારા ભલેને શ્રી કૃષ્ણને સર્વોપરી માને, આપણને એમાં ક્યાં પ્રૉબ્લેમ છે ? શ્રી કૃષ્ણ, શ્રી રામ, શ્રી મહાવીર, શ્રી બુદ્ધ; આ બધા પૂજનીય છે. તેઓ સામાન્ય નહોતા, ભગવાનના અવતારો હતા. પણ મને મળ્યા એ સ્વામિનારાયણ ભગવાન મારા માટે સર્વોપરી છે ! એમાં સહેજ પણ કસર રહે તો ભગવાન કહે, તમારી ગાડી અક્ષરધામથી જોજનો દૂર જતી રહેશે. તો એવું ના થાય એટલા માટે કોઈ ગમે એવાની વાતો ના સાંભળીએ, સંગ ના કરીએ ને તેવાની સાથે ઊઠકબેઠક ના રાખીએ. હેત-પ્રેમ - જેમની વાત માનીએ એને હેત કહું છું. જગતમાં તો બધાને હળવા-મળવાનું છે, પણ સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરીભાવે ભજતા હોય એવા સાધુ ને એવા ભક્તોનો સંગ રાખવો, એમની વાત વિશ્વાસ ને શ્રદ્ધાથી માનવી.

**...જેમ અર્જુન હતા તેને તો ભગવત્સ્વરૂપનું બળ હતું અને યુધિષ્ઠિર રાજાને તો શાસ્ત્રનાં વચનનું બળ હતું. પછી જ્યારે ભારતી લડાઈ થઈ ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે,**

**'સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ।**
**અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥'**

**એ શ્લોકનો એ અર્થ છે જે, 'હે અર્જુન ! સર્વ ધર્મને તજીને તું એક મારા જ શરણને પામ્ય, તો હું તને સર્વ પાપ થકી મુકાવીશ. તું કાંઈ શોક કરીશ મા.' આ વચનને માનીને અર્જુન જે તે લડાઈને વિષે અનંત દોષ થયા તો પણ લેશમાત્ર મનમાં ઝાંખા થયા નહીં અને ભગવાનના આશ્રયનું બળ રાખી રહ્યા. અને યુધિષ્ઠિરે કાંઈ પાપ કર્યું નહીં તો પણ શાસ્ત્રનાં વચનનો વિશ્વાસ હતો તેણે કરીને એમ જાણ્યું જે, 'મારું કોઈ કાળે કલ્યાણ નહીં થાય.'...**

યુધિષ્ઠિર સત્યને માનતા હતા અને પોતાની જાતે સાત્ત્વિકભાવથી સત્ય બોલતા હતા. અને અર્જુને કેટલા બધાને કેવી રીતે માર્યા ! આખું મહાભારત આપણે જાણીએ છીએ, પણ તે નિઃસંશય થયો. એને લેશમાત્ર એનો પાશ લાગ્યો નહીં. કારણ કે, એણે ભગવાનની આજ્ઞાથી, ભગવાનના બળે કર્યું. શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે, 'સર્વ ધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ.' બધા જ ધર્મો છોડી દે. આ પાપ છે-આ પુણ્ય છે, આ સારું છે-આ ખોટું છે; એ બધાં દ્વંદ્વ છોડી દે, સર્વ ધર્મ છોડી દે. એટલે કંઈ એને કોઈ ધર્મ વગર રહેવાનું કહેતા હતા ? ના ! પણ, સત્પુરુષ અને ભગવાન મળે પછી એમના વચનને જ ફૉલો કરવું, એ સાચો ધર્મ ! તો શ્રી કૃષ્ણ ભગવાનને એ ધર્મમાં એને લઈ જવો હતો.

ક્ષત્રિયોનો ધર્મ છે કે, જેની પાસે હથિયાર ના હોય એને મરાય નહીં. સામા પાસે બાણ ને ધનુષ્ય ના હોય તો એની સાથે યુદ્ધ ના થાય, લડાઈ

ના થાય, મરાય નહીં. યુદ્ધમાં કર્ણના રથનું પૈડું ભાંગી ગયું એટલે આયુધ મૂકીને પૈડું બદલવા તે રથમાંથી નીચે ઊતર્યો. ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું, 'માર આને, એક બાણ મારી દે એટલે એ પતી જાય.' કર્ણ કહે, 'તમે ક્ષત્રિયધર્મ લજવો છો. મારી પાસે હથિયાર નથી, હું તો નીચે રથનું પૈડું બદલું છું.' એટલે શ્રી કૃષ્ણ ભગવાને કર્ણને એના અધર્મ આચરણનું બધું કહ્યું. ત્યારે જો અર્જુને ધર્મ રાખ્યો હોત તો તે કર્ણને મારત નહીં. પણ એણે ભગવાન શ્રી કૃષ્ણના વચનને પાળ્યું.

યુદ્ધનો બીજો નિયમ છે કે, તમારી સામે કોઈ સ્ત્રી હોય તો યુદ્ધ ના થાય. સ્ત્રી સામે આવે એટલે આયુધ મૂકી દે. ભીષ્મપિતામહ માટે શ્રી કૃષ્ણ પરમાત્મા અર્જુનને કહે, તું આઘો ખસી જા અને આ શિખંડીને ભીષ્મપિતામહની સામે ઊભો રહેવા દે. શિખંડી દ્રોણનો શિષ્ય અને રાજકુમાર હતો. પણ એ જન્મ્યો ત્યારે સ્ત્રી હતો. ભીષ્મપિતામહને તો ખબર હતી કે, શિખંડી એ છોકરી છે, પણ ઋષિ-મુનિઓએ એને કન્વર્ટ કરીને પુરુષ બનાવી દીધેલો એ ખબર નહોતી. શ્રી કૃષ્ણ ભગવાનને ખબર હતી કે, આ ભીષ્મપિતામહની આગળ શિખંડીને મૂકીશું એટલે તેઓ હથિયાર મૂકી જ દેશે. પછી અર્જુનને કહ્યું કે, 'આમને ઉડાડી દે.' આમ, શ્રી કૃષ્ણ ભગવાને બધા ધર્મોને બાજુમાં મુકાવી અર્જુનને લડાવ્યો, તમે જુઓ તો! જો અર્જુને ધર્મ ના છોડ્યો હોત તો અર્જુન લડત નહીં. એટલે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું, 'સર્વ ધર્માન્પરિત્યજ્ય' - તારા મનથી માનેલા બધા ધર્મો, સત્ય-અસત્યનાં બધાં બીબાંઓ, પાપ ને પુણ્યની બધી માન્યતાઓ; આ બધું છોડીને તું મારે શરણે આવ, હું કહું એમ કર.'

ખરેખર તો, સત્પુરુષ અને ભગવાનની આજ્ઞા પાળો એ જ સાચો ધર્મ; એ સાચા વિશિષ્ટ પ્રકારના ધર્મમાં અર્જુન હતો તો ફાવી ગયો. ને યુધિષ્ઠિર સાત્ત્વિકભાવના ધર્મમાં હતા, તો છેવટે થયું કે, મારું કલ્યાણ થશે કે નહીં થાય? શ્રી કૃષ્ણ પરમાત્માએ પછી આશીર્વાદ આપ્યા એટલે એમની અંદરની કચકચ નીકળી ગઈ. એટલે ભગવાન આપણને કહે છે કે, સર્વોપરીભાવે ભગવાનને ભજો અને એ ભગવાન જેમનામાં પ્રગટ છે એવા સત્પુરુષની આજ્ઞામાં રહીને ભક્તિ કરો.

**...પછી સર્વે ઋષિએ સમજાવ્યા તથા વ્યાસજીએ સમજાવ્યા તથા શ્રી કૃષ્ણ ભગવાને પોતે સમજાવ્યા તોય પણ શોક મૂક્યો નહીં. પછી શ્રીકૃષ્ણ ભગવાને ભીષ્મ પાસે લઈ જઈને શાસ્ત્ર સંબંધી કથા સંભળાવી ત્યારે કાંઈક વિશ્વાસ આવ્યો; તોય પણ અર્જુન જેવા નિઃસંશય થયા નહીં...**


શ્રી કૃષ્ણ બોલે તો એમને કપટી માને, શ્રી કૃષ્ણને વિશે ભારોભાર મનુષ્યભાવ, એટલે યુધિષ્ઠિરને એમનું વચન મનાય જ ક્યાંથી? ભીષ્મપિતામહનું મનાય, કારણ કે એ નૈષ્ઠિક બ્રહ્મચારી, જગતની રીતે સાત્ત્વિક ભાવવાળા એટલે એમની વાત મનાય. તો પણ યુધિષ્ઠિર અર્જુન જેવા નિઃસંશય ના થયા. સગા ભાઈઓ હતા, પેલા મોટા ભાઈ ને આ નાના. પણ બંનેમાં કેટલો ફરક પડી ગયો? અર્જુન પર ભગવાનની કૃપા કે, એમણે શ્રી કૃષ્ણ ભગવાનને ઓળખ્યા! એમના વચનમાં પરમ શ્રદ્ધા ને વિશ્વાસ રાખીને જીવ્યા તો નિઃસંશય થયા.

**માટે બુદ્ધિમાનને તો ભગવત્સ્વરૂપનું બળ અતિશય રાખ્યું જોઈએ. એ બળ જો લેશમાત્ર પણ હોય તો મોટા ભયથી રક્ષા કરે છે.**

કોઈ પણ કામમાં ભગવાનનું બળ લેવું. હું આમ કરીશ ને હું તેમ કરીશ એમ ભડાકા મારવાથી કોઈનાથી કશું થાય એમ નથી. ભગવાનનું લેશમાત્ર પણ બળ હોય તો મોટા ભયથી તેઓ રક્ષા કરે છે.

**...જેમ અર્જુને ભારતી લડાઈ કરી ત્યારે તેને વિષે કેટલીક જાતના અધર્મરૂપી મોટા મોટા ભય આવ્યા, પણ તે ભય થકી જે અર્જુનની રક્ષા થઈ તે ભગવત્સ્વરૂપના બળને પ્રતાપે થઈ...**

ભગવાનનું બળ લઈને જીવતો હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય. પોતાના બળે જીવતો હોય એ સાધક કહેવાય. ભગવાનનું બળ કે,



સત્પુરુષ અને ભગવાન મળે
પછી એમના વચનને જ ઝીલો કરવું,
એ સાચો ધર્મ !





**ભગવાનનું બળ લઈને જીવતો હોય**
**એ જ એકાંતિક ભક્ત કહેવાય.**
**પોતાના બળે જીવતો હોય એ સાધક કહેવાય.**
**ભગવાનનું બળ કે, ભગવાન છે ને મારી સાથે !**
**હું એમનો છું અને તેઓ સદાય મારી રક્ષામાં છે.**
**કંઈ પણ થાય તો એમને સંભારવા.**

ભગવાન છે ને મારી સાથે ! હું એમનો છું અને તેઓ સદાય મારી રક્ષામાં છે. કંઈ પણ થાય તો એમને સંભારવા... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ ! સર્વોપરી માન્યા એટલે શું ? ભગવાન સામું જુઓ. સામાન્યરીતે આપણા ગુજરાતીઓ અને ખાસ કરીને હિન્દુઓ કંઈ પણ થાય તો લોક સામું જુએ કે, લોકો શું કહેશે ? આજુબાજુવાળા શું કહેશે ? આપણો સમાજ શું કહેશે ? ગામમાં લોકો કેવી વાતો કરશે ? પણ, તું ભગવાન સામું જોને ! ભગવાન શું કહે છે ? ભગવાન કહે કે, બરાબર છે તો જખ મારે છે દુનિયા ! એટલે એવું કરે તો લોક પણ સરખું થઈ જાય. આપણે જોવાનું જ ભગવાન સામું.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'જોવા જેવા એક ભગવાન છે.' એટલે કંઈ તેમની સામે બેસીને જોયા કરવાના ? ના, એવું નહીં. પણ કંઈ પણ થાય એટલે ભગવાન સામું જોવું. સારું થાય તોય ભગવાન સામું જોવું ને કોઈ આપણું ખોટું કરે કે આપણા જીવનમાં ખોટો પ્રસંગ બને – બીમારી, મરણ, ધંધામાં ખોટ, નોકરી છૂટી જાય; આવું બધું થાય તો હાય હાય કેમ આવું બધું થયું ? તેમ કરવાને બદલે ભગવાન સામું જુઓ. તું કરી રહ્યો છું તો મારા હિતમાં જ હશે, એવું તરત થશે તો અંદર શાંતિ રહેશે, આનંદ રહેશે, નહીં તો ડિસ્ટર્બ થઈશું.

મહેનત કર્યા પછી પણ છોકરો પરીક્ષામાં નાપાસ થાય તો ડિસ્ટર્બ થાય, પણ થાય કે, ભગવાન મારું કંઈક રૂડું જ કરતા હશે. ભગવાન સામું જુઓ કે, ભગવાન અધમોદ્ધારણ છે, પતિતપાવન છે, આપણા સૌનું કલ્યાણ કરવા જ આવ્યા છે, હિતેચ્છુ છે; તો પછી નાપાસ કરવામાં પણ આપણું હિત જ હશે. પણ, આપણી બુદ્ધિએ તો પાસ થયો એટલે સારું અને નાપાસ થયો એટલે ખોટું. સાજા થયા એટલે સારું અને બીમાર થયા એટલે ખોટું. જીવતા રહ્યા એ સારું અને મરી ગયા એ ખોટું; આ બધાં દ્વંદ્વ છે. એ દ્વંદ્વથી ઉપર જવું હોય તો ભગવાનનું બળ લો, ભગવાન સામું જુઓ; તો પછી બધું સરસ જ છે ! નાપાસ થયો તોય સારું છે, ખોટ જાય તોય સારું છે, એમાં કંઈક આપણું હિત હશે, સારું હશે ! તો જોવા જેવા એક ભગવાન છે. સારું–નરસું કંઈ પણ બને તો ભગવાન સામું જોવાનું.

**...માટે જેને સર્વથી ભગવત્સ્વરૂપનું બળ અધિક હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય અને તે જ પાકો સત્સંગી કહેવાય...**

એ જ પાકો સત્સંગી કહેવાય. ભગવત્સ્વરૂપનું બળ લો. ભગવાન જે કરતા હોય એ સારા માટે જ કરતા હશે. મારી બુદ્ધિ કબૂલ નથી કરતી, મારું દેહ કબૂલ નથી કરતું; તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરો તો બળ મળશે અને ચોખ્ખું દેખાશે કે, જે થયું એ સારું થયું. આપણું ધાર્યું ના થાય, આપણી ઈચ્છા પ્રમાણે ના થાય, આપણને અપેક્ષાઓ એટલી બધી હોય છે કે એ અપેક્ષાઓને લીધે પછી બુદ્ધિ નકારાત્મક વિચારો કરતી હોય છે; એમાંથી બહાર નીકળવા માટે ભજન શ્રેષ્ઠ ઉપાય છે.

**...અને શ્રીમદ્ ભાગવતમાં પણ એ જ વાત પ્રધાન છે જે, 'શ્રુતિ–સ્મૃતિના ધર્મને કાંઈક તજાય તો તેની ચિંતા નહીં, પણ ભગવાનનો આશ્રય તજવો નહીં.' અને કોઈક એમ જાણે જે, 'આવી વાત કરીએ તો ધર્મ ખોટા થઈ જાય.' પણ આ વાર્તા કાંઈ ધર્મને ખોટા કર્યા સારુ નથી...**

ભગવાનનો આશરો–આશ્રય ના છોડવો. એકાંતિક ધર્મની મહારાજ વાત કરે છે. સામાન્ય ધર્મ અને એકાંતિક ધર્મ. સામાન્ય નિયમ અને વિશિષ્ટ નિયમ. વિશિષ્ટ નિયમ અને એકાંતિક ધર્મ રાખતાં બીજું બધું ગૌણ થાય તો એની ફિકર નહીં. કારણ કે, એનો હેતુ ભગવાનને રાજી કરવા માટે છે અને ભગવાન રાજી થશે તો આપોઆપ આપણું જીવન ધર્મમય બનવાનું છે. પણ ધર્મમય જીવનવાળા પર ભગવાન રાજી થાય એવું ના પણ બને. યુધિષ્ઠિર ધર્મમય જ હતા ને ! ભીષ્મપિતામહ ધર્મમય જ હતા ને ! તો પણ શ્રી કૃષ્ણ પરમાત્મા રાજી ના થયા. જ્યારે અર્જુન ભગવાનમય હતા તો એમના જીવનમાં ધર્મ આવ્યો.

...આ તો એટલા સારુ છે જે, દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, ઉપદેશ અને દેવતા એટલાં વાનાં શુભ અને અશુભ એ બે પ્રકારનાં છે, તેમાંથી જો અશુભનો યોગ થાય ને એને કાંઈક વિઘ્ન પડે તો પણ જો ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠા પાકી હોય તો તે કલ્યાણના માર્ગમાંથી કોઈ કાળે પડે નહીં, અને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠામાં કાચ્યપ હોય તો જે દિવસ ધર્મમાંથી ચળી જવાય તે દિવસ તે એમ જાણે જે, 'હું નરકમાં પડી ચૂક્યો.' માટે જેને ભગવત્સ્વરૂપનું બળ તે જ પાકો સત્સંગી છે. અને એ વિના બીજા તો ગુણબુદ્ધિવાળા કહેવાય...

પાકો સત્સંગી એટલે આત્મબુદ્ધિ ને પ્રીતિવાળો. સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ અને ભગવાનની સર્વોપરીભાવે નિષ્ઠા હોય અને સત્પુરુષની આજ્ઞામાં રહેતો હોય એ પાકો સત્સંગી; બાકી બીજા ગુણબુદ્ધિવાળા. કંઈક એવું બને એટલે સત્સંગમાંથી જતા પણ રહે.

...અને જેને ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી હોય તેને જ શાસ્ત્રમાં પણ એકાંતિક ભક્ત કહ્યા છે. અને આ સમયમાં જેવી સત્સંગમાં વાર્તા થાય છે તેને જો નારદ-સનકાદિક ને બ્રહ્માદિક દેવતા સાંભળે, તો સાંભળીને એમ કહે જે, આવી વાર્તા કોઈ કાળે સાંભળી પણ નથી અને સાંભળશું પણ નહીં. આ વાર્તા તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી છે. અને અતિશય ઝીણી વાર્તા થાય છે તો પણ અતિશય સ્થૂળ બુદ્ધિવાળા હોય તેને પણ સમજાય છે, એવી મૂર્તિમાન વાર્તા થાય છે...

ઝીણી વાત છે, પણ મહારાજે એટલી સરળ ને સરસ રીતે કહી છે કે, જિનિયસ ના હોય તેવા સામાન્ય બુદ્ધિવાળાને પણ સમજાઈ જાય.

...માટે, 'આ સમે જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે તેના પુણ્યનો પાર આવે એમ નથી,' એવું જાણીને સત્સંગી હોય તેને પોતાને વિષે કૃતાર્થપણું માન્યું જોઈએ. અને જેને ભગવાનને વિષે અતિશય પ્રીતિ હોય તેને તો આ વાર્તા સમજાય અથવા ન સમજાય તો પણ તેને તો કાંઈ કરવું રહ્યું નથી...

અતિશય પ્રીતિ છે એને અંદરથી બધું સમજાતું જશે.

...પણ જેને પરમેશ્વરને વિષે અતિશય પ્રીતિ તો ન હોય તેને તો જરૂર ભગવાનના સ્વરૂપનો મહિમા સમજ્યો જોઈએ. માટે જે ડાહ્યો હોય તેને તો આ વાર્તા સમજી-વિચારીને અતિ દૃઢ ભગવાનનો આશરો કરવો એ જ મત અતિ સારમાં સાર છે...

ભગવાનનો દૃઢ આશરો એટલે હું ભગવાનનો ને ભગવાન મારા. એ ભગવાન કેવા છે ? સર્વોપરી છે, સર્વ અવતારના અવતારી છે. સર્વના કારણ છે, સર્વની બુદ્ધિના પ્રેરક, પ્રવર્તક છે. અંતર્યામી શક્તિએ કરીને આપણા સૌમાંય પ્રગટ છે અને ગુણાતીત સંત રૂપે મને પ્રગટ મળ્યા છે. આ જડબેસલાક માનતો હોય, અને એવા સત્પુરુષમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય અને એમની આજ્ઞામાં રહે તો બધાં શાસ્ત્રો એના હાથમાં આવી ગયાં. જ્ઞાન અંદરથી ફૂટશે.

આ 'વચનામૃત' છે, 'સ્વામીની વાતું' છે, કથાવાર્તા છે; તો એનાથી આપણને મહિમા સમજાતો જાય કે, આપણને કેવા ભગવાનની પ્રાપ્તિ થઈ છે ! કેવા સંતો છે, કેવા ભક્તો છે ! તો રોજબરોજના જીવનમાં ભક્તિ કરવામાં, આજ્ઞા પાળવામાં, સેવા કરવામાં આપણો ઉત્સાહ બહુ વધશે.

તો જ્ઞાનનું જ્ઞાન અને સારનો સાર ભગવાને કહ્યો કે, ભગવાનની સર્વોપરીભાવે ભક્તિ કરો અને કંઈ પણ હોય તો બળ ભગવાનનું લો, આશરાનું બળ લો. અને એમનું બળ લેવા માટે એમની સ્મૃતિ કરો, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન-ભજન કરો અથવા કેવા પ્રભુ મળ્યા છે ! મારી રક્ષા એ કરનારા છે ! એવા મહિમાથી એમની સ્મૃતિ કરો તો ભગવાન આપણને ખરેખર એટલી બધી અનુભૂતિઓ કરાવશે કે, આપણે એકદમ નિશ્ચિંત, ડર રહિત થતા જઈશું !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય,
ભગવાનની સર્વોપરીભાવે નિષ્ઠા હોય
અને સત્પુરુષની આજ્ઞામાં રહેતો હોય
એ પાકો સત્સંગી !

